

# આત્મધર્મ

વર્ષ : ૪૧ [૪૯૦] અંક : ૨

કહાન સંવત : ૪ ઑગસ્ટ ૧૯૮૪

બધાએ એક જ કરવાનું છે:—દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્માની જ પ્રમુખતા રાખવી. —પૂજ્ય બહેનશ્રી

# જ્ઞાનીની અનિચ્છક દશા

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
તત્ત્વરસભર્યા આધ્યાત્મિક ઉદ્‌ગાર

[ સંકલિત ]

જ્ઞાની ચતુર્થ ગુણસ્થાનવર્તી હોય તોપણ, અપરિગ્રહી છે. ઇચ્છા તે પરિગ્રહ છે. જેને ઇચ્છા નથી, તેને પરિગ્રહ નથી. જ્ઞાનીને અજ્ઞાનમય ભાવનો અભાવ હોવાથી તેને ઇચ્છા નથી અને તેથી તેને પરિગ્રહ નથી. આ રીતે સર્વ જ્ઞાનીને પુણ્યનો, પાપનો તેમ જ સમસ્ત પરભાવોનો પરિગ્રહ નથી. જ્ઞાની તો જ્ઞાનમય ભાવના સદ્‌ભાવને લીધે જ્ઞાયક જ છે. આમ, અસ્થિરતાજનિત ઇચ્છા તો માત્ર ઉપલક ઇચ્છા હોવાથી તેને નહિ ગણીને શ્રી સમયસારમાં સર્વ જ્ઞાનીને અનિચ્છક કહેલ છે, કેવળ જ્ઞાયક કહેલ છે.

જ્ઞાનીની દૃષ્ટિ અદ્‌ભુત મહિમાવંત દ્રવ્યસ્વભાવ ઉપર પડી હોવાથી તેને જગતનું કાંઈ જોઈતું નથી. તેને બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે. જગતના વિવિધ પદાર્થો ભલે જણાય પણ 'હું તો જ્ઞાતા જ છું' એવા ભાવે પરિણમતો તે જ્ઞેયોને એકત્વપૂર્વક ગ્રહણ કરતો નથી, જુદો જ વર્તે છે.

સમયસારમાં આવે છે: જ્ઞાન મનને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે. તેને રમવાનું સ્થાન-ક્રીડાવન તો આત્મા જ છે. અનંતા જ્ઞેયો ઝળકે તોપણ જ્ઞાન તો પોતાના સ્વરૂપમાં જ રહે છે. આત્મા અનંત કાળથી જ્ઞેયો પ્રત્યે એકત્વબુદ્ધિ કરતો હતો, જે જે જ્ઞેય જણાય તેની સાથે તન્મય થઈને અનંતા કર્મો બાંધતો હતો, ભ્રમને લીધે કોઈ જ્ઞેય સારું ને કોઈ જ્ઞેય ખરાબ એમ ઇષ્ટાનિષ્ટબુદ્ધિ કરી આકુળતા ને ખેદ કરતો હતો. હવે જ્યારે તેને જ્ઞાનમય પરિણમન થયું ત્યારે અનિચ્છક ભાવરૂપ પરિણમવા લાગ્યો. આ પરજ્ઞેય મારું સ્વરૂપ નથી, મારે તે કાંઈ જોઈતું જ નથી—એમ જ્ઞેય પરપદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ કરતો નથી. મારા આત્મામાં અનંતી રિદ્ધિ-સિદ્ધિઓ ભરી પડી છે અને મનને આનંદરૂપ

[ અનુસંધાન પાનું ૨૦ ઉપર ]

KANTABEN AJMERA

KANTABEN AJMERA

કહાન
સંવત ૪
વર્ષ ૪૧
અંક ૨
[ ૪૯૦ ]




વીર
સંવત
૨૫૧૦
A. D. 1984
AUGUST


શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


## * કહાન-ગુરુ-પ્રસાદ *


* શ્રી નિયમસાર કળશ-૧૭૬ માં કહે છે કે આત્મા નિરંતર સુલભ છે. આહાહા! આત્મા નિરંતર વર્તમાન સુલભ છે. વર્તમાન સુલભ છે એનું તાત્પર્ય એ છે કે આત્મા વર્તમાનમાં જ છે, તેનો વર્તમાનમાં જ આશ્રય લે! ભૂતકાળમાં હતો અને ભવિષ્યમાં રહેશે એમ ત્રિકાળ લેતા તેમાં કાળની અપેક્ષા આવે છે. તેથી વર્તમાનમાં જ ત્રિકાળી પૂર્ણાનંદનાથ પડ્યો છે તેનો વર્તમાનમાં જ આશ્રય લે તેમ કહે છે.

* જે મોક્ષનું કહેવામાત્ર-કથનમાત્ર કારણ છે એવો વ્યવહાર-રત્નત્રય તો ભવસાગરમાં ડૂબેલાં જીવોએ પૂર્વે ભવભવમાં સાંભળ્યો છે અને કર્યો પણ છે. દયા-દાન-ભક્તિ-વ્રત-તપ આદિ શુભરાગનો વ્યવહાર તો ભવસાગરમાં ડૂબેલાં જીવોએ અનંતવાર સાંભળ્યો છે અને આચર્યો છે પણ તે વ્યવહારરત્નત્રય કાંઈક—કથનમાત્ર મોક્ષનું કારણ છે પરંતુ ખરેખર તો તે બંધનું જ કારણ છે. જે રાગ દુઃખરૂપ છે, ઝેરરૂપ છે તે અમૃતરૂપ એવા મોક્ષનું કારણ કેમ હોય? દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, પૂજા, જિનમંદિર બંધાવવા, મોટા ગજરથ આદિ કાઢવા આદિ બધું તો ભવભવમાં અનંતવાર કર્યું, શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન, નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા અને વ્રત-તપ આદિનું આચરણ પૂર્વે અનંતવાર સાંભળ્યું છે અને આચર્યું પણ છે. પણ અરેરે! ખેદ છે કે જે સર્વથા એક જ્ઞાનરૂપ છે એવા પરમાત્મતત્ત્વને જીવે સાંભળ્યું નથી, આચર્યું નથી.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી







प्रशममूर्ति भगवती माता पूज्य बहेनश्री चंपाबेननी

## કલ્યાણકારી ૭૧ મી જન્મજયંતી પ્રસંગે

'બહેનશ્રીનાં વચનામૃત'માંથી વીણેલાં ૭૧ અધ્યાત્મરત્નો






■ 'જાણનાર,' 'જાણનાર,' 'જાણનાર' છે ને? તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી. તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે. ૧.

■ જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંત કાળમાં બધું કર્યું, એક ત્રિકાળી સતને શ્રદ્ધયું નથી. ૨.

■ રાગનું જીવતર હોય તેને આત્મામાં જવાનું બને નહીં. રાગને મારી નાખ તો અંદર જવાય. ૩.

કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી. આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. તું તારા સ્વભાવને ઓળખ. ૪.






આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે. એકને જાણતાં બધું જણાય. મૂળને જાણ્યા વિના બધું નિષ્ફળ. ૫.

ચૈતન્યલોકમાં અંદર જા. અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે; તેમાં નિર્વિકલ્પ થઈને જા, તેની શોભા નિહાળ. ૬.






રાગી છું કે નથી—તે બધા વિકલ્પોથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું. નયોથી અતિક્રાન્ત ચૈતન્ય બિરાજે છે. દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે ૭.






બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગ દશા ન પ્રગટી! આંખમાં કણું સમાય નહિ તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. ૮.

આત્માને ઓળખી સ્વરૂપરમણતાની પ્રાપ્તિ કરવી તે જ પ્રાયશ્ચિત્ત છે. ૯.





દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદર જવાનું શીખે તો એક વાર નિજ ઘર જોઈ લે. ૧૦.

તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે. ૧૧.

■ હે જીવ! સુખ અંદરમાં છે, બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે? જેમ ઝાંઝવામાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે જ નહિ. ૧૨.




■ કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે. ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે અને ગુણ પ્રગટે છે. ૧૩.




■ જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં કર્મથી જુદું જ છે; તે ગયા કાળે એકમેક નહોતું, વર્તમાનમાં નથી, ભવિષ્યમાં નહિ થાય. ૧૪.

■ તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી. આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ. પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય જ છે. ૧૫.




■ ગુરુની કોઈ પણ વાતમાં શિષ્યને શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે! તે એમ વિચારે કે ગુરુ કહે છે તે તો સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે. ૧૬.




■ દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે—નિર્લેપ છે. ૧૭.

■ 'આ બધા જે કષાયો—વિભાવો જણાય છે તે ઝેયા છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે—પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે. ૧૮.






❋ એક ચૈતન્યને જ ગ્રહણ કર. બધાય વિભાવોથી પરિમુક્ત, અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર, તેમાં જ લીન થા, એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે. ૧૯.

❋ એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. ૨૦.

❋ જેમ નંદનવનમાં અનેક વૃક્ષોનાં વિવિધ પ્રકારનાં પત્ર-પુષ્પ-ફળાદિ ખીલી ઊઠે, તેમ સાધક આત્માને ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે. ૨૧.


❋ મુક્તદશા પરમાનંદનું મંદિર છે. તે મંદિરમાં નિવાસ કરતાં મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે. ૨૨.


❋ પહેલાં જ્ઞાન સાચું થાય છે કે—આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધાંથી જુદો હું છું; અંદરમાં વિભાવ થાય તે હું નથી; ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી; બધાથી જુદો હું જ્ઞાયક છું. ૨૩.

❋ ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે. પણ તે તારાથી ન થાય તો શ્રદ્ધા તો બરાબર કરજે જ. તારામાં અગાધ શક્તિ ભરી છે; તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવાયોગ્ય છે. ૨૪.


❋ અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે. જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશ-દ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે. ૨૫.












નિર્વિકલ્પ દશામાં 'આ ધ્યાન છે, આ ધ્યેય છે' એવા વિકલ્પો તૂટી ગયા હોય છે. જોકે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ તો પરમાત્મ-તત્ત્વ પર જ હોય છે. ૨૬.

શાશ્વત આત્મા રમણીય છે, તેને ગ્રહણ કર. ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે; આત્મા આડંબર વિનાનો, નિર્વિકલ્પ છે, ત્યાં દૃષ્ટિ દે. ૨૭.

ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન થતાં તેમાં જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, ચારિત્રની વૃદ્ધિ—સર્વવૃદ્ધિ થાય છે, અંતરમાં આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું પ્રગટે છે. ૨૮.


બહારના ક્રિયાકાંડ તો પરમાર્થે કોલાહલ છે. શુભભાવ ભૂમિકા પ્રમાણે આવે છે પણ તે શાંતિનો માર્ગ નથી. સ્થિર થઈ અંદર બેસી જવું તે જ કરવાનું છે. ૨૯.

મુનિરાજ કહે છેઃ—ચૈતન્યપદાર્થ પૂર્ણતાથી ભરેલો છે. તેની અંદરમાં જવું અને આત્મસંપદાની પ્રાપ્તિ કરવી તે જ અમારો વિષય છે. ૩૦.


ગૃહસ્થાશ્રમમાં વૈરાગ્ય હોય પણ મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે. મુનિરાજ તો વૈરાગ્યમહેલના શિખર ઉપરના શિખામણિ છે. ૩૧.

મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે. તેઓ વારંવાર આત્મામાં જાય છે. સવિકલ્પ દશામાં પણ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી. ૩૨.

◙ ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે. અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે અને બની શકે છે તે કરતો નથી. ૩૩.

◙ મુનિરાજને પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે અને આહાર-વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો પણ ઘણા જ મંદ હોય છે. ઉપદેશનો પ્રસંગ આવે તો ઉપદેશ આપે, પણ વિકલ્પની જાળ ચાલતી નથી. ૩૪.

◙ આત્મા તો નિવૃત્તસ્વરૂપ—શાંતસ્વરૂપ છે. મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે. ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેમને બોજારૂપ લાગે છે, જાણે કે પર્વત ઉપાડવાનો હોય. શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે. આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતુ નથી. ૩૫.





◙ બધાએ એક જ કરવાનું છેઃ—દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્માની જ પ્રમુખતા રાખવી. જિજ્ઞાસુની ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો. ૩૬.




◙ સ્વરૂપ તો સહજ જ છે, સુગમ જ છે, અનભ્યાસે દુર્ગમ લાગે છે. કોઈ બીજાના સંગે ચડી ગયો હોય તો તેને તે સંગ છોડવો દુષ્કર લાગે છે; ખરેખર દુષ્કર નથી, ટેવને લીધે દુષ્કર કલ્પાય છે. ૩૭.

◙ પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી? તેમ પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી? તે તો સુગમ જ હોય ને? ૩૮.





☀ પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી ને બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો ૩૯.

☀ અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ–વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. ૪૦.

☀ વિભાવ ને જ્ઞાયક છે તો જુદેજુદા જ;—જેમ પાષાણ ને સોનું ભેગા દેખાય પણ જુદાં જ છે તેમ. ૪૧.

☀ સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ—સુખબુદ્ધિ તૂટી જાય છે. ૪૨.

☀ આત્મદ્રવ્ય કાંઈ પોતે ઊછળીને વિભાવમાં એકમેક થઈ જતું નથી, દ્રવ્ય તો શુદ્ધ રહે છે; માત્ર અનાદિ કાળની માન્યતાને લીધે ' પર એવા જડ પદાર્થને હું કરું છું, રાગાદિ મારું સ્વરૂપ છે, હું વિભાવનો ખરેખર કર્તા છું ' વગેરે ભ્રમણા થઈ રહી છે. ૪૩.

☀ જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે; ચોક્કસ પ્રાપ્તિ થશે જ. અનંત અનંત કાળથી અનંત જીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે, માટે તું પણ આમ કર. ૪૪.

☀ દ્રવ્યલિંગી સાધુ થઈને પણ જીવ ક્યાંક સૂક્ષ્મપણે અટકી જાય છે, શુભ ભાવની મીઠાશમાં રોકાઈ જાય છે, ' આ રાગની મંદતા, આ

અઠ્યાવીસ મૂળગુણ,—બસ આ જ હું, આ જ મોક્ષનો માર્ગ,' ઇત્યાદિ કોઈ પ્રકારે સંતોષાઈ અટકી જાય છે. ૪૫.




સાચા આત્માર્થીને અને સમ્યગ્દષ્ટિને તો 'ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે અને તો જ પુરુષાર્થ અખંડ ટકી રહે. ૪૬.




ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળિયાં પકડી લીધાં, (દૃષ્ટિ અપેક્ષાએ) બધું કરી લીધું, અસ્થિરતારૂપ ડાળાં-પાંદડાં જરૂર સુકાઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ મૂળ જ પકડ્યું નથી; એણે કાંઈ કર્યું નથી. ૪૭.

જે માર્ગે આ સમકિત થયું તે જ માર્ગે મુનિપણું ને કેવળ થશે—એમ જણાઈ ગયું. પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ; આ જ માર્ગે દેશવિરતિપણું, મુનિપણું, પૂર્ણ ચારિત્ર ને કેવળજ્ઞાન—બધું પ્રગટ થશે. ૪૮.




સમકિતમાં ચૌદ બ્રહ્માંડના ભાવો આવી ગયા. એ જ માર્ગે કેવળ. જેમ અંશ પ્રગટ્યો તેમ જ પૂર્ણતા પ્રગટશે. માટે શુદ્ધનયની અનુભૂતિ એટલે કે શુદ્ધ આત્માની અનુભૂતિ તે સંપૂર્ણ જિન શાસનની અનુભૂતિ છે. ૪૯.





અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ અપરિણામી નિજાત્મા. ૫૦.

પ્રમાણ–અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી.

અપરિણામી તેમ જ પરિણામી છે. પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. ૫૧.





❋ પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર—જ્ઞાયક ઉપર—દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે. માટે 'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે? નિષ્ક્રિય તત્ત્વ ઉપર—તળ ઉપર—દૃષ્ટિ સ્થાપ ને! ૫૨.





❋ પરિણામ તો થયા જ કરશે. પણ, આ મારી અમુક ગુણ-પર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા—એમ શા માટે જોર આપે છે? પર્યાયમાં—પલટતાં અંશમાં—દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને! ૫૩.





❋ અનંત ગુણોના ભેદ ઉપરથી પણ દૃષ્ટિ હઠાવી લે. અનંત ગુણમય એક નિત્ય નિજતત્ત્વ—અપરિણામી અભેદ એક દળ—તેમાં દૃષ્ટિ દે. પૂર્ણ નિત્ય અભેદનું જોર લાવ. તું જ્ઞાતાદૃષ્ટા થઈ જઈશ. ૫૪.

❋ આ બધે—બહાર—સ્થૂળ ઉપયોગ થઈ રહ્યો છે, તે બધેથી ઉઠાવી, ખૂબ જ ધીરો થઈ, દ્રવ્યને પકડ. વર્ણ નહિ, ગંધ નહિ, રસ નહિ, દ્રવ્યેન્દ્રિય પણ નહિ અને ભાવેન્દ્રિય પણ દ્રવ્યનું સ્વરૂપ નથી. ૫૫.





❋ જેમ સાગરમાં ગમે તેટલાં જોરદાર તરંગો ઊછળ્યા કરે તોપણ તેમાં વધઘટ થતી નથી, તેમ અનંત અનંત કાળ સુધી કેવળજ્ઞાન વહ્યા કરે તોપણ દ્રવ્ય તો એવું ને એવું જ રહે છે. ૫૬.

❋ ચૈતન્યની અગાધતા, અપૂર્વતા ને અનંતતા બતાવનારાં






ગુરુનાં વચનો વડે શુદ્ધાત્મદેવ બરાબર જાણી શકાય છે. ચૈતન્યના મહિમા પૂર્વક સંસારનો મહિમા છૂટે તો જ ચૈતન્યદેવ સમીપ આવે છે. ૫૭.

❋ હે શુદ્ધાત્મદેવ! તારા શરણે આવવાથી જ આ પંચ પરાવર્તનરૂપી રોગ શાન્ત થાય છે. જેને ચૈતન્યદેવનો મહિમા લાગ્યો તેને સંસારનો મહિમા છૂટી જ જાય છે. અહો! મારા ચૈતન્યદેવમાં તો પરમ વિશ્રાન્તિ છે, બહાર નીકળતાં તો અશાન્તિ જ લાગે છે. ૫૮.

❋ હું નિર્વિકલ્પ તત્ત્વ જ છું. જ્ઞાનાનંદથી ભરેલું જે નિર્વિકલ્પ તત્ત્વ, બસ તે જ મારે જોઈએ છે. બીજું કાંઈ જોઈતું નથી. ૫૯.



❋ હે જીવ! અનંત કાળમાં શુદ્ધોપયોગ ન કર્યો તેથી તારો કર્મરાશિ ક્ષય થયો નહિ. તું જ્ઞાયકમાં ઠરી જા તો એક શ્વાસોચ્છ્વાસમાં તારાં કર્મો ક્ષય થઈ જશે. તું ભલે એક છો પણ તારી શક્તિ અનંતી છે. ૬૦.


❋ તું પોતે માર્ગ જાણતો નથી ને જાણેલાને સાથે રાખે નહિ, તો તું એક ડગલું પણ કઈ રીતે ભરીશ? તું પોતે આંધળો, અને જો ગુરુવાણીનું અને શ્રુતનું અવલંબન ન રાખ, તો સાધકનો માર્ગ જે અંદરમાં છે તે તને કેમ સૂઝશે? ૬૧.

❋ 'જેવો જેને પરિચય એવી જ એની પરિણતિ'. તું લોકાગ્રે વિચરનારો લૌકિક જનોનો સંગ કરીશ તો તારી પરિણતિ પલટી જવાનું કારણ થશે. ૬૨.

❋ સાધકને એક શુદ્ધ આત્માનો જ સંબંધ હોય છે. નિર્ભયપણે ઉગ્ર પુરુષાર્થ કરવો, બસ! તે જ લોકાગ્રે જનાર સાધક વિચારે છે. ૬૩.

❋ સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ૬૪.



▣ દષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દષ્ટિ 'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા નથી બેસતી. ૬૫.




▣ 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઈ' એમ દષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી. તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાંને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિસ્પૃહ ભાવે જ દષ્ટિ પ્રગટ થાય છે. ૬૬.




▣ દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્યને પર્યાય બંને સમાન કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. ૬૭.




▣ ભલે અનુભૂતિ થાય, પણ દષ્ટિ અનુભૂતિમાં—પર્યાયમાં—ચોંટી નથી જતી. 'અહો! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો!' એમ જ્ઞાન જાણે, પણ દષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર—દ્રવ્ય-સ્વભાવ ઉપર—જામેલી જ રહે છે. ૬૮.

▣ શુદ્ધાત્મામાં ઠરવું તે જ કાર્ય છે, તે જ સર્વસ્વ છે. ઠરી જવું તે જ સર્વસ્વ છે, શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી. ૬૯.




▣ તારે શુદ્ધિ વધારવી હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે. ૭૦.

▣ આત્મા તો આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ! પહેલાં ચારે બાજુથી તેને ઓળખી, પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદરમાં ઠરી જવું. તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે. અંદર સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ જ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે. ૭૧. ❋

### પર્યાયને ગૌણ કહી છતાં અનુભવમાં તો

## પર્યાયની જ મુખ્યતા છે

શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં અપરિણામી નિજ આત્મદ્રવ્યનો આશ્રય લેવાનું કહ્યું છે, કારણ કે સાર તો એ જ છે. તેથી ત્રિકાળીને ભૂતાર્થ કહ્યો ને પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કહીને નથી એમ કહ્યું છે. પરંતુ ગૌણ કહેતાં કાંઈ પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. અપરિણામી ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે, પરંતુ અનુભવ તો પર્યાયનો જ થાય છે. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. લક્ષની અપેક્ષાએ પર્યાયને ગૌણ કહી, બાકી છે તો પર્યાયની જ મુખ્યતા, કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. દ્રવ્યનું લક્ષ કરતાં જે વીતરાગતા પ્રગટ થાય છે એ જ મુખ્ય છે. વેદનમાં આવે એ જ મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કહ્યું પણ જે વેદન આવ્યું એ વેદનને તું ગૌણ ન કરીશ. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ જ મુખ્ય છે. પર્યાયસ્વભાવને લીધે વીતરાગી આનંદ તો સમયે સમયે થયા જ કરે છે એને ગૌણ કરી શકાય એવી કોઈ તાકાત નથી. ત્રિકાળીનું વેદન હોતું નથી માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ ૨૦૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું અદ્‌ભૂત પ્રવચન ]

અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. અપરિણામી એટલે ધ્રુવ, પર્યાય વિનાનું કૂટસ્થ તેનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. ત્યાં અપરિણામી એટલે શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ અપરિણામી નિજ આત્મા છે. અપરિણામીનું જોર આપતાં ૧૧ મી ગાથામાં પર્યાયને

અભૂતાર્થ કહી. પરંતુ કોઈ એમ લઈ લે કે પર્યાય જૂઠી જ છે તો એમ નથી. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અભૂતાર્થ એટલે કે નથી એમ કહ્યું છે, ને ત્રિકાળીને મુખ્ય કરી નિશ્ચય કહી તે ભૂતાર્થ એટલે કે 'છે' એમ કહ્યું છે.

શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં અપરિણામીનો આશ્રય લેવાનું કહ્યું છે, કારણ કે સાર તો એ જ છે. નહીં પલટતો, નહીં બદલતો, પર્યાયપણે નહીં થતો એવો જે ભગવાન આત્મા તેનો આશ્રય કરવો એ જ સમ્યગ્દર્શન છે. તેથી શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં ત્રિકાળીને 'છે' એમ કહ્યું છે ને પર્યાયને નથી એમ કહ્યું છે. ધ્રુવને ભૂતાર્થ કહ્યો ને પર્યાયને અભૂતાર્થ કહી છે. અભૂતાર્થ એટલે નથી, કઈ અપેક્ષાએ નથી?—કે ત્રિકાળીનું લક્ષ કરવા માટે પર્યાયને ગૌણ કરી વ્યવહાર કહી, નથી એમ કહ્યું છે.

સમયસાર ગાથા ૭ માં કહ્યું કે પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયમાં છે, નથી એમ નહીં. ૧૪ મી ગાથામાં પણ પર્યાયનું અસ્તિત્વ છે—એમ કહ્યું છે. વેદાંતની માફક પર્યાય નથી એમ નથી. પર્યાય છે પણ તે પર્યાયને ગૌણ કરીને અભાવ બતાવીને ભાવવાળા ત્રિકાળી તત્ત્વની નજર કરાવવી છે અને એના પર નજર થતાં સમ્યગ્દર્શન થતાં ત્યાં પરમ આનંદનો અનુભવ થાય. પર્યાયદૃષ્ટિથી દુઃખ થાય. પર્યાય છે ખરી પણ તેના આશ્રયે દુઃખી થાય અને તે તો અનાદિથી પર્યાયના આશ્રયે દુઃખી થઈ રહ્યો છે. તેથી તેને ગૌણ કરાને ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે.

ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે તેથી તેની પર્યાયમાં પ્રમાણપણું છે એનો અભાવ થતો નથી. આત્મદ્રવ્ય પ્રમાણની અપેક્ષાએ માત્ર અપરિણામી નથી. પર્યાય છે એ પ્રમાણના વિષયમાં આવે છે. અપરિણામીનો આશ્રય લેવા કહ્યું છે પરંતુ પ્રમાણની અપેક્ષાએ એકલો અપરિણામી નથી. પર્યાય છે એ પ્રમાણના વિષયમાં આવે છે. અપરિણામીનો આશ્રય લેવા કહ્યું છે પરંતુ પ્રમાણની અપેક્ષાએ એકલો અપરિણામી નથી, પલટતો ને બદલતો છે. અપરિણામી ધ્રુવ તરીકે છે અને એનો નિર્ણય કરનાર અનિત્ય છે. અનિત્ય એ ધ્રુવનો નિર્ણય કરે છે. પલટતી પર્યાય નહીં બદલતા ત્રિકાળીનો નિર્ણય કરે છે. અપરિણામીની હયાતીનો નિર્ણય અપરિણામી નથી કરતો. ફૂટસ્થ, ધ્રુવ, અપરિણામી છે—એવો નિર્ણય પર્યાય કરે છે અને છતાં એ પર્યાય ધ્રુવમાં જતી નથી કે ધ્રુવ એ પર્યાયમાં આવતું નથી.

પ્રમાણની અપેક્ષાએ આત્મા પલટતો નથી, બદલતો નથી, ધ્રુવ જ છે—એમ નથી. પ્રમાણ અપેક્ષાએ ભગવાન આત્મા અપરિણામી તેમ જ પરિણામી પણ છે. ભગવાન આત્મા નહીં બદલતો તેમ જ બદલતો પણ છે. બદલતો જ નહીં બદલતાનો

નિર્ણય કરે છે. અપરિણામીનું આટલું બધું જોર દેવા છતાં એનો નિર્ણય કરનારી પર્યાય છે; પર્યાય છે, નથી એમ નથી.

પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય અપરિણામી તેમ જ પરિણામી છે પણ અપરિણામી ઉપર દૃષ્ટિ દેતાં એટલે કે નહીં બદલતાં નિત્ય ધ્રુવ ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે. નિર્ણય તો પર્યાયમાં જ થાય છે પણ પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર છે તેથી નિર્ણય કરનારી પર્યાય ગૌણ રહે છે એટલે કે પર્યાયની મુખ્યતા આવતી નથી. મુખ્યતા તો ત્રિકાળીની જ આવે છે. પર્યાય ગૌણપણે રહે છે. ગૌણપણે કહેતાં વર્તમાન પર્યાય પણ છે અને એ પર્યાય જ અપરિણામીનો નિર્ણય કરે છે. અનિત્ય એ નિત્યને જાણે છે, નિત્ય છે તે નિત્યને જાણતું નથી. જાણનાર પર્યાય પોતે અનિત્ય છે, એ નિર્ણય કરે છતાં તેને નથી એમ કહીને ત્રિકાળી ધ્રુવનો આશ્રય કરાવ્યો છે. જો પર્યાય નથી જ તો નિર્ણય કરનાર જ નથી અને તો જેનો નિર્ણય કરવો છે એ વસ્તુ પણ નથી.

કોઈ એકાંત તાણી ન જાય, તેથી અહીં આ વાત લીધી છે. પ્રમાણમાં તો દ્રવ્ય ને પર્યાય બન્ને આવે છે, ત્યારે તો વીતરાગતા થાય છે. પર્યાય ત્રિકાળી વીતરાગતાનો નિર્ણય કરે છે અને તેથી પર્યાયમાં વીતરાગતા આવે છે. તેથી પ્રમાણમાં ત્રિકાળી વીત-રાગતા આવી ને તેનો નિર્ણય કરનારી વીતરાગી પર્યાય પણ આવી. વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગતાનો નિર્ણય કરે છે. છતાં એ વીતરાગી વર્તમાન પર્યાય ત્રિકાળી વીતરાગતામાં આવી જતી નથી, અપરિણામીનો નિર્ણય કરવા છતાં એ પર્યાય અપરિણામીરૂપે થતી નથી. પર્યાયમાં તો પર્યાયની જ ધ્રુવતા આવે છે અને એ ધ્રુવતા ત્રિકાળી ધ્રુવના લક્ષે આવી છે છતાં ધ્રુવમાંથી આવી નથી; પર્યાય સ્વતંત્ર છે, કેમ કે ધ્રુવ એકરૂપ છે અને જો તેમાંથી પર્યાય આવતી એકાંત કહીયે તો પર્યાય એક સરખી આવવી જોઈએ, પણ મોક્ષમાર્ગની પર્યાય એકરૂપ હોતી નથી, શુદ્ધિ થાય છે, ટકે છે, વધે છે—એમ અનેકરૂપ અવસ્થા થાય છે.

અપરિણામી ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે. પરંતુ અનુભવ તો પર્યાયનો જ થાય છે. અલિંગગ્રહણના ૨૦ માં બોલમાં કહ્યું કે એકરૂપ ધ્રુવ છે તેને સ્પર્શ્યા વિના આત્માની પર્યાયમાં આનંદ ને વીતરાગતાનું વેદન થાય છે. ત્રિકાળી ધ્રુવને સ્પર્શ્યા વિના ધ્રુવને સાથે ભેગું લીધા વિના એકલી વીતરાગી પર્યાય પ્રગટ થાય છે; ત્રિકાળીને સ્પર્શ્યા વિના, તેનું આલંબન લીધા વિના પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે.

અપરિણામી ઉપર દૃષ્ટિ દેતાં પર્યાય ગૌણ થતાં વીતરાગતા પ્રગટ થાય છે. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા થાય છે. પર્યાયને ગૌણ કરતાં પર્યાયમાં

વીતરાગતા થાય છે. ભગવાન આત્મા ભગવાન સ્વરૂપે હોવા છતાં તેનું આલંબન લીધા વિના પર્યાયમાં ભગવાનપણું પ્રગટ થાય છે.

અહીં બેનું બેપણું રાખવું છે. બેનું બેપણું રાખે ત્યારે બેનું પ્રમાણજ્ઞાન થાય છે. બેમાંથી એકને મુખ્ય ને એકને ગૌણ કરવા જાય તો પ્રમાણજ્ઞાન રહેતું નથી. જે પર્યાય વીતરાગરૂપ થાય છે તે વીતરાગીનું આલંબન લીધા વિના થાય છે. વીતરાગી પર્યાય વીતરાગી ધ્રુવના આલંબન વિના થાય છે, પર્યાય સ્વતંત્ર સત્ છે. જો એ પર્યાય દ્રવ્યના આશ્રયે એકાંત ઉત્પન્ન થાય તો વસ્તુ વીતરાગ સ્વરૂપ એકરૂપ છે તો પર્યાયમાં પણ એક પ્રકારની જ વીતરાગતા આવવી જોઈએ, પણ પર્યાય સ્વતંત્ર છે, એ પરિણામી હોવા છતાં ને ત્રિકાળી વીતરાગીનો આશ્રય લેવા છતાં તેના અવલંબન વિના એ પર્યાય વીતરાગ સ્વરૂપે પરિણમે છે.

પર્યાય ગૌણ થઈ જાય છે તેનો અર્થ વીતરાગનો અનુભવ ગૌણ થઈ જાય છે એમ એમ નહીં. ગૌણ થઈ એટલે વીતરાગતા પર્યાયમાં ન આવી કે વીતરાગતા પર્યાયમાં ન થઈ માટે ગૌણ થઈ ગઈ એમ નહીં. ફક્ત લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું. વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નથી, માટે ગૌણ કહ્યું. વીતરાગી પર્યાય થઈ તેના ઉપર લક્ષ નહીં પણ ધ્રુવ ઉપર લક્ષ છે, છતાં ધ્રુવને તે પર્યાય અવલંબતી નથી. અપરિણામી એ પરિણામમાં આવતું નથી છતાં એ પરિણામમાં અપરિણામીનું જ્ઞાન ને વીતરાગી પર્યાય આવે છે.

વીતરાગી પર્યાય 'ત્રિકાળી વીતરાગ આ છે' એમ નિર્ણય કરે છે અને તેથી વીતરાગી આનંદ આવવા છતાં વીતરાગી આનંદને ગૌણ કરવો એમ કહ્યું તેનો અર્થ તેના ઉપર લક્ષ ન રાખવું, લક્ષ ધ્રુવ ઉપર રાખવું, પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર હોવા છતાં તે પર્યાય પરતંત્ર નથી. એ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કરે છે. ષટ્કારકનું પરિણમન ઊભું કરીને એ પર્યાય ત્રિકાળી ધ્રુવ વીતરાગતાને જાણે છે એ દ્રવ્યને લઈને નથી, પર્યાય સ્વતંત્ર કર્તા છે. સ્વતંત્ર કર્તા થઈને ફક્ત ધ્રુવ ઉપર લક્ષ કરે છે એવું જ પર્યાયના કર્તાપણાનું સ્વરૂપ છે. વીતરાગી દ્રવ્યનું લક્ષ કર્યું માટે દ્રવ્ય કર્તા છે ને વીતરાગી દ્રવ્યનો આશ્રય આવ્યો માટે વીતરાગી પર્યાય પરાધીન છે—એમ નથી.

આત્મા જ પોતે એવો છે કે પરમાત્માનું તો નહીં પણ ત્રિકાળીના પણ અવલંબન વિના વીતરાગપણાના આનંદને અનુભવે છે. પરિણામ ગૌણ થઈ જાય એટલે પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી, પર્યાયનો કાંઈ અભાવ થઈ જતો નથી, ભાવરૂપે જ રહે છે. છતાં ગૌણ કેમ કહ્યું?—કે લક્ષ મુખ્ય ધ્રુવ ઉપર છે માટે ગૌણ કહ્યું, બાકી છે તો પર્યાયની મુખ્યતા, કેમ કે નિર્ણય કરનાર પોતે જ છે. ત્રિકાળી નિત્યાનંદના નાથનો

નિર્ણય કરનાર પર્યાય પોતે જ વીતરાગપણે પરિણમતી થકી ત્રિકાળીનું લક્ષ રાખવા છતાં પરાધીન થઈ નથી, પોતાથી વીતરાગ પર્યાય ષટ્કારકપણે ઉત્પન્ન થાય છે. ગૌણ થાય છે કહ્યું છતાં એ વીતરાગી પર્યાય નિરપેક્ષ છે. વીતરાગી સ્વભાવનો નિર્ણય કરવા છતાં ને અનુભવમાં એ આવવા છતાં દ્રવ્ય પર્યાયમાં આવતું નથી ને પર્યાય દ્રવ્યમાં જતી નથી, પર્યાય તો પર્યાયપણે રહીને દ્રવ્યની દૃષ્ટિ કરે ત્યાં પર્યાય ઉપર લક્ષ નથી તે અપેક્ષાએ પર્યાયને ગૌણ કહી, બાકી તો પર્યાય મુખ્ય જ છે અનુભવમાં; અનુભવમાં દ્રવ્ય નથી.

પર્યાયને ગૌણ કહી છતાં પર્યાયની જ મુખ્યતા છે. ગૌણ એટલે એનું લક્ષ દ્રવ્ય તરફ રાખવું, પર્યાય તરફ ન રાખવું, છતાં વલણ કરનારી પર્યાય દ્રવ્યની અપેક્ષા રાખતી નથી. વીતરાગી આનંદનો અનુભવ સ્વતંત્રપણે પોતે કર્તા થઈને વીતરાગી આનંદના કાર્યને પોતે અનુભવે છે. કર્તા પરિણામીના પરિણામ થયા તે જ મુખ્ય છે. ત્રણ લોકના નાથ પૂર્ણાનંદ પ્રભુ એનો જે અનુભવ કર્યો એ અનુભવની જ મુખ્યતા છે. ગૌણ કરી એમ કહ્યું છતાં તેને અહીં મુખ્ય કરે છે કેમ કે દ્રવ્યનો અનુભવ નથી, અનુભવ તો પર્યાયનો છે માટે અનુભવ ગૌણ ન કરવો, એ મુખ્ય છે. ત્રિકાળી ચીજ છે એ ધ્રુવ છે, એનું વેદન નથી. ધ્રુવની તરફ સ્વતંત્રપણે લક્ષ કરીને વીતરાગી આનંદ અનુભવે છે તે પર્યાય છે, તે જ મુખ્ય છે. વીતરાગી આનંદનો અનુભવ એ જ મુખ્ય છે.

ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગ ભાવે થયો એ ભાવ ક્યાંય ચાલ્યો જતો નથી, અનુભવ તો અનુભવના વેદનમાં જ રહે છે. પરિણામને ગૌણ કહ્યું એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું, અનુભવની અપેક્ષાએ ગૌણ નહીં. અનુભવની અપેક્ષાએ એ જ મુખ્ય છે. કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. મારું વીતરાગીતત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ કરું છું ત્યાં તો વીતરાગી દશા પ્રગટ થાય છે—એ જ મારે મુખ્ય છે. વેદનમાં આવે એ જ મારે મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું, પણ જે આ વેદન છે તેને ગૌણ કરીશ એ નહીં ચાલે. પૂર્ણાનંદના નાથને તેં જાણ્યો ને વેદનમાં આવ્યો એ વેદનને તું ગૌણ ન કરીશ હો! એ તો લક્ષ કરાવાની અપેક્ષાએ તને ગૌણ કહ્યું, પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે.

વીતરાગ સ્વરૂપ ભગવાનને જેણે અનુભવ્યો તેને વીતરાગી આનંદ સમયે સમયે થયા જ કરે છે. પર્યાય સ્વભાવને લીધે વીતરાગી આનંદ તો સમયે સમયે થયા જ કરે છે, એને ગૌણ કરી શકાય એવી કોઈ તાકાત નથી. દ્રવ્યની પણ તાકાત નથી કે તેને ગૌણ કરે. વેદનને મુખ્ય કરનાર દ્રવ્ય પર્યાયને ગૌણ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. કેમ કે ત્રિકાળીનું વેદન હોતું નથી, માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે.

* * *

કરતો અદ્‌ભુત જ્ઞાનપ્રકાશ મને અંતરમાં પ્રગટ થયો છે, તેથી મારી બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે, મારે કાંઈ જોઈતું નથી, હું તો જ્ઞાયક જ છું એમ નિસ્પૃહપણે પરિણમે છે.

હજુ ચોથા ગુણસ્થાનમાં હોય, છતાં જ્ઞાનીને એવા નિઃસ્પૃહ પરિણામ વર્તતા હોય છે કે દૃષ્ટિ-અપેક્ષાએ હું મનથી, વચનથી કે કાયાથી રાગનો કર્તા, કારયિતા કે અનુમંતા નથી—એમ નવ નવ કોટિએ મેં વિભાવને તિલાંજલિ આપી છે. મારી દૃષ્ટિ પરપદાર્થથી વિરામ પામી ગઈ છે. ભલે હજી અસ્થિરતા ઊભી છે, નવ નવ કોટિએ ત્યાગ તો ચારિત્ર પ્રગટે ત્યારે થાય છે, પણ આ તો દૃષ્ટિ-અપેક્ષાએ અંતરના જોરની વાત છે. જ્ઞાનીની દૃષ્ટિ પરદ્રવ્ય ઉપરથી ઊઠી ગઈ છે, જ્ઞેયોનું જ્ઞાન તે તો આત્માનો સહજ સ્વભાવ છે, પણ જ્ઞેયોને તન્મયપણે ગ્રહણ કરવાની બુદ્ધિ ખસી ગઈ છે. આત્માને રમવાનું નંદનવન તો નિજ આત્મા જ છે, તે એને રમવા માટે મળી ગયું છે.

જ્ઞાયકનું સહજ સ્વરૂપ જ એવું છે કે જેમ જેમ પર તરફનો ઝુકાવ છોડી અંતરમાં વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ જ્ઞાન નિર્મળ થતું જાય છે, અને કોઈને અંદર જ્ઞાનની ઋદ્ધિઓ પ્રગટતાં બાહ્ય જ્ઞાન પણ વધતું જાય છે; પણ જ્ઞાની કહે છે: જ્ઞેયો જણાય તો ભલે જણાય પણ હવે હું તેમની સાથે એકત્વબુદ્ધિ કરવાનો નથી, હું તો મારા આત્મામાં જ રહેનારો છું, મારું નિવાસસ્થાન જે મારો આત્મા તેને છોડીને હવે હું ક્યાંય બહાર જવાનો નથી. કોઈ કોઈ સાધકને આગળ વધતાં વધતાં અનેક જાતની મતિ-શ્રુતની લબ્ધિઓ પ્રગટે, અવધિ ને મનઃપર્યયજ્ઞાન પ્રગટે, કેવળજ્ઞાનમાં તો લોકાલોક ઝળકે, છતાં આત્મા તો આત્મામાં જ રહે છે.

પોતાના સ્વરૂપધામમાં રહેનાર એવા મને જગતના કોઈ ભાવોની ઇચ્છા નથી, એક ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરતાં મારી બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે. બહારમાં પુણ્યના–વૈભવના ઢગલાઓ દેખાય, પણ મને એની ઇચ્છા નથી, જાતજાતનાં બહારનાં જ્ઞેયો છે પણ મને તેમનું આશ્ચર્ય નથી. અનંત કાળથી પુણ્યના ઠાઠનું આશ્ચર્ય લાગતું તે, ભ્રાંતિને લીધે મારી ભૂલ હતી,

જે ભૂલને કારણે પરિભ્રમણ થયું અને ત્યાં આકુળતા ને ખેદ વેદ્યાં; હવે તો આ પુણ્યના વિલાસને છોડી હું મારા ચૈતન્યનિવાસમાં વસું છું.

અનંતા જ્ઞેયો જ્ઞાનમાં ઝળકે, તોય મને એમાં આશ્ચર્ય નથી, આશ્ચર્યકારી મહિમાવંત તો મારો આત્મા છે. તે આત્મામાં મેં દૃષ્ટિ સ્થાપી છે. દૃષ્ટિ-અપેક્ષાએ ક્રોધ-માન-માયા-લોભ, તથા મન-વચન-કાયા આદિના બધા વિકલ્પોનો મારામાં અભાવ છે. પરિણતિમાં પુરુષાર્થ ઊપડતાં—ઉપયોગ પોતા તરફ વળતાં—સ્વાનુભૂતિ થાય છે; ત્યાં જ આત્માની વિશ્રાન્તિ છે, અનંત કાળના થાકનો વિરામ ત્યાં જ છે. હવે તો મારે બીજું કાંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે. અનત કાળથી જ્ઞેયોમાં એકત્વબુદ્ધિપૂર્વક તેમને ગ્રહવાની જે ભૂલ કરતો હતો તે હવે મેં છોડી દીધી છે. વિભાવથી જુદો પડતાં હું પાંચ ઇંદ્રિયોથી ભિન્ન સ્વયં જ્ઞાતા થઈ ગયો છું. સ્વપરને જાણવું તે તો મારો સ્વભાવ છે; હું આનંદસાગરમાં રહેનારો, ચૈતન્યનગરમાં વસનારો છું; મને જ્ઞેયોનું આશ્ચર્ય નથી, આખો લોકાલોક જણાય તોપણ મને તેનું આશ્ચર્ય નથી, હું પોતે જ આશ્ચર્યકારી મહિમાવંત પરમ પદાર્થ છું.

અનેક જાતના પુણ્યના ઠાઠ, પાપનાં સ્થાનો, સમાધિસુખને પામેલા કેવળજ્ઞાનીઓ, કૃતકૃત્ય સિદ્ધભગવંતો આદિ બધું જ્ઞાનમાં જણાય પણ મને કોઈનું આશ્ચર્ય નથી, જે જે ભાવ જાણવામાં આવે તેનો હું તો જ્ઞાતા જ છું, જ્ઞાયકસ્વભાવને ઊર્ધ્વ રાખીને જ્ઞેયોને જાણું છું, જ્ઞાયકના અસ્તિત્વને ગ્રહણ કરીને, જ્ઞાયકના જ્ઞાયકરૂપ પરિણમનને હાજર રાખીને, માત્ર જાણું છું. 'આ જ્ઞાયકરૂપે રહેલો તે જ હું છું' એમ મને—સાધકને વિભાવ હોવા છતાં વિભાવનું ભેદજ્ઞાન વર્તે છે. સાધકદશા હોવાથી, આ વિભાવભાવનો મારામાં ઉદ્ભવ થવા છતાં પણ, તે મારો સ્વભાવ નથી. જ્ઞાયકમય પરિણમન હોવાથી અમુક અંશે શાંતિ વેદાય છે તેનો પણ જ્ઞાતા છું અને અમુક અંશે આકુળતા છે તેનો પણ જ્ઞાતા છું.

જ્ઞાનીને ગમે તે પ્રસંગમાં જ્ઞાયકતા છૂટતી નથી; પુણ્ય-પાપના ભાવમાં તે જ્ઞાયક જ છે. ગમે તેવા ઊંચા શુભ ભાવો હોય, પંચપરમેષ્ઠીની

પૂજા-ભક્તિના ભાવોમાં ઘણો રસ દેખાતો હોય કે ગુણભેદના વિચાર કરતો હોય, તોપણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, ક્યાંય એકત્વબુદ્ધિ નથી.

જ્ઞાનીને નિર્વિકલ્પદશામાં તો કોઈ જુદો જ અદ્‌ભુત આનંદ હોય છે, પરંતુ સવિકલ્પદશામાં આવતાં પણ જ્ઞાયકતાની શાંતિનું વેદન કોઈ જુદું જ હોય છે. જે વખતે વિભાવ થાય છે તે જ વખતે—તે જ ક્ષણે—જ્ઞાયકપણાને પ્રસિદ્ધ કરતો તે જ્ઞાતાપરિણતિએ પરિણમે છે. ઉપયોગ બહાર આવતાં નિર્વિકલ્પતા નથી પણ શાંતિનું વેદન તો હોય જ છે. સાક્ષી થયો ને શાંતિ ન વેદાય એમ ન બને, અને શાંતિ વેદાય પણ સાક્ષી ન થયો હોય એમ પણ ન બને. એકત્વબુદ્ધિ તૂટતાં જ્ઞાનીને કોઈ જુદી જ શાંતિનું વેદન થાય છે. જો શાંતિરૂપ વેદન ન હોય તો વિભાવ સાથે એકત્વબુદ્ધિ પડી જ છે. જુદા થયેલાને જુદાપણાની—સાક્ષીપણાની શાંતિનું અમુક અંશે વેદન આવે તો જ જ્ઞાયકતા પરિણમી છે. ઘણા માણસો કહે છે કે અમે શાંતિ રાખીએ છીએ, પણ તે સાચી શાંતિ નથી; જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમીને જે શાંતિ પ્રગટે તે કોઈ જુદા પ્રકારની હોય છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે રહી, વિભાવથી જુદો પડી, જે સ્વાભાવિક અનાકુળતા પ્રગટે તેનું નામ શાંતિ. જ્ઞાતાપણે પરિણમવાથી જે ભેદજ્ઞાનની ધારા ચાલે તેની સાથે પરિણમતી શીતળતા—શાંતિ તે જ સાચી શાંતિ છે. ધન્ય તે જ્ઞાનીની અનિચ્છક શાંત દશા!

"શાન્ત દશા તિનકી પહિચાનિ,
કરે કર જોરિ બનારસિ વંદન."

* * *

## 'બહેનશ્રી-જન્મભૂમિ'ની મંગલ યાત્રા

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આ ૭૧મી જન્મ-જયંતીના શુભાવસરે તા. ૧૧-૮-૮૪, શનિવારના દિને બહેનશ્રીની જન્મભૂમિ (વઢવાણ શહેર)ની પાવન યાત્રા માટે સ્પેશિયલ ટ્રેઈનની વ્યવસ્થા નક્કી થઈ ગઈ છે. યાત્રીદીઠ મુસાફરી ચાર્જ રૂા. ૨૫–૦૦ રાખવામાં આવ્યો છે. સ્પેશિયલ ટ્રેઈન સવારે ૬–૦૦ વાગ્યે સોનગઢ સ્ટેશનથી રવાના થશે અને રાત્રે પાછી આવશે.

प्रशममूर्ति धर्मरत्न पूज्य बहेनश्री चंपाबेनना

શ્રીમુખથી વહેલો ગુરુ-ઉપકૃતભાવભીની

# અધ્યાત્મરસમય અમૃતધારા

[ સંકલિત ]

નિરાલંબન ચાલે ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. મુનિઓ મુનિ-દશાનુસાર સ્વભાવપરિણત હોવાથી મુનિરાજોના મનની ગતિ નિરાલંબન છે—તેમની અંતરંગ પરિણતિ સહજ નિરાલંબન ધારાએ પરિણમી રહી છે.

તું નિરાલંબન ચાલે ચાલતાં શીખ. તે માટે જિનેન્દ્રકથિત વસ્તુસ્વરૂપની તું સમજણ કર. તે સમજણમાં વ્યવહારે સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુ નિમિત્ત હોય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ માર્ગ બતાવવામાં મહા નિમિત્ત છે. તું તારું ઉપાદાન અંદરથી તૈયાર કર, ત્યાં નિમિત્ત તો તૈયાર હોય જ છે. તારું ઉપાદાન તૈયાર કરવું તે તારા હાથની વાત છે, તેમાં તને કોઈ રોકનાર નથી. શાસ્ત્રમાં આવે છે ને—વિભાવમાં જોડાવામાં પણ તું સ્વતંત્ર છે અને સ્વભાવનાં કાર્યો કરવામાં પણ તું સ્વતંત્ર છે. પર્યાયદૃષ્ટિ તું સ્વતંત્રપણે કરે છે અને દ્રવ્યદૃષ્ટિ કરવામાં પણ તું સ્વતંત્ર છે. પં. બનારસી-દાસજીના ઉપાદાન-નિમિત્તના દોહરામાં આવે છે—'એક ચક્રસોં રથ ચલે રવિકો યહૈ સ્વાભાવ'. તું અકારણ પારિણામિક દ્રવ્ય છો. તારું ઉપાદાન તૈયાર કર. તું સ્વયં સ્વતંત્રપણે પરિણમતો પદાર્થ છો.

અહા ! મુનિરાજના મનની નિરાલંબ ગતિ ! તેઓ બહારથી જંગલમાં બેઠા દેખાય પણ અંતરમાં તો ક્યાંય વિચરતા હોય છે, ઘડીએ ઘડીએ સ્વરૂપમાં ઊંડે ક્યાંય ઊતરી જાય છે. ક્ષણે ક્ષણે સ્વરૂપ તરફ—આનંદના ધામમાં, નિર્વિકલ્પ દશાના આનંદવેદનમાં, ઢળી જાય છે. ઉપયોગ બહાર આવે છે પણ એકદમ નિરાલંબન થઈ ક્ષણમાં અંદર ઊતરી જાય છે.

જેમને સ્વભાવનો અંશ પ્રગટ થયો છે એવા સમ્યક્ત્વપરિણત જીવ પણ, પોતાને પ્રગટ થયેલી જ્ઞાતાધારાની સાથે જ્ઞાયકમાં લીનતાની તરતમતા

પ્રમાણે, અવારનવાર ચૈતન્યમાં ચાલ્યા જાય છે. જેમ મુનિરાજ અંતરમાં ક્યાં વિચરતા હોય છે તે કળવું મુશ્કેલ છે, તેમ જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવનું પણ અંતઃપરિણમન કળવું મુશ્કેલ છે. તેમની અંતઃપરિણતિ અંતરમાં ક્યાં વિચરી રહી હોય છે તે તો જે જાણતા હોય તે જ જાણે !

અહો ! મુનિરાજની દશાની તો શી વાત કરવી ? આત્મદ્રવ્ય સ્વભાવે 'સ્વયંભૂ' ભગવાન છે. મુનિરાજ (યથાયોગ્ય) નિરાલંબનપણે પરિણમતા થકા પર્યાયમાં (યથાયોગ્ય) સ્વયંભૂ થઈ ગયા છે. તારું સ્વરૂપ પણ સ્વયંભૂ છે; તેથી તું નિરાલંબી પુરુષાર્થ કર. તું આત્મા તરફની રુચિ પ્રગટ કર તો તારા સમ્યક્ પુરુષાર્થની ગતિ ઊપડશે.

*

ગુરુદેવનો અપાર ઉપકાર છે. ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ તેઓશ્રીએ જ બતાવી. 'ચિદ્રૂપરિણતિએ પરિણમવું તે જ સુખી થવાનો માર્ગ છે' એમ સાચો મોક્ષમાર્ગ તેઓશ્રીએ જ બતાવ્યો.

આ જે બાહ્ય લોક છે, વિભાવનો લોક છે, તેમાં તો બધી ધમાલ, ધમાલ ને ધમાલ જ જોવા મળે છે ક્યાંય શાન્તિ નથી. અંતરનો લોક—ચૈતન્યલોક—અદ્‌ભુત છે, તેમાં બધું સરસ જોવાનું છે, ત્યાં સર્વત્ર શાન્તિ છે.

બાહ્ય દૃષ્ટિ અને બહારમાં જતી વૃત્તિ તે વિભાવનો લોક છે. સમસ્ત વિભાવ રહિત, અનંત ગુણોથી ગૂંથાયેલું જે અભેદ દ્રવ્ય તે દ્રવ્યરૂપ ચૈતન્યલોક છે; અને તેમાં દૃષ્ટિ જતાં જે નિર્મળ પરિણતિ પ્રગટ થાય તે પર્યાયરૂપ ચૈતન્યલોક છે. પંચ પરમેષ્ઠીભગવંતોનો વાસ ચૈતન્યલોકમાં છે. અર્હંત અને સિદ્ધપરમેષ્ઠીનો ચૈતન્યલોકમાં પૂર્ણ વસવાટ છે તથા આચાર્ય, ઉપાધ્યાય ને સાધુપરમેષ્ઠીનો ચૈતન્યલોકમાં ઘણો ઘણો વસવાટ હોવા છતાં તે વસવાટ અપૂર્ણ છે, જેને પૂર્ણ કરવા તેઓ ઉગ્ર સાધના કરી રહ્યા છે. સમ્યગ્દૃષ્ટિનો પણ ચૈતન્યલોકમાં અપૂર્ણ વસવાટ છે જેને પૂર્ણ કરવા તેઓ સાધના કરી રહ્યા છે. સર્વ સાધકોનો ચૈતન્યલોક એક જ જાતનો છે. તું

પણ ચૈતન્યલોકમાં વસવાનો પુરુષાર્થ કર. ત્યાં વસવાથી તું પંચ પરમેષ્ઠીમાં ભળી જઈશ.

જ્યાં અર્હંતભગવાન સમવસરણમાં બિરાજતા હોય, અને જ્યાં આચાર્ય આદિ પરમેષ્ઠીઓ બિરાજતા હોય, ત્યાં તેમની સાથે રહેવાનો યોગ—કે જે મહાભાગ્યથી પ્રાપ્ત થાય છે—તે વસવાટની અહીં વાત નથી. અહીં તો અંતરના વસવાટની વાત છે. તું અંતરનો એવો વસવાટ કર કે જે પંચ પરમેષ્ઠીના વસવાટની જાતનો હોય. અંદરના જે ક્ષેત્રમાં પંચ પરમેષ્ઠીભગવંતો વસી રહ્યા છે તે ક્ષેત્રમાં તારો વસવાટ કર.

બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતામાં વસવાની પ્રશસ્ત ભાવના જ્ઞાનીને પણ હોય, પરંતુ તે બહારનો લોક છે. તે પ્રશસ્ત ભાવ આવતા હોવા છતાં જ્ઞાનીને ચૈતન્યલોકમાં વસવાનો પ્રયત્ન ચાલુ હોય છે. શુદ્ધાત્મ-પરિણતિરૂપ—શુદ્ધાત્માનુભૂતિરૂપ લોક તે જ ખરો અંતરનો ચૈતન્યલોક છે. તેમાં તું વસવાટ કર. પંચ પરમેષ્ઠીભગવંતોનો જ્યાં વસવાટ છે ત્યાં તું વસી જા. તને શાશ્વત પરિપૂર્ણ સુખ પ્રાપ્ત થશે.

સર્વ દુઃખોનો અત્યંત નાશ કરવા માટે ચૈતન્યલોકમાં વસવાટની વિધિ બતાવનાર ગુરુદેવ સદા જયવંત વર્તો.

—*—

[ જીવનમાં ઘુંટાઈ જવું......પાનું ૨૮નું ચાલુ ]

તારું કાર્ય છે. એ સિવાય જડના કાર્ય તો તારા નહીં પણ પરમાર્થે વિભાવના કાર્યો પણ તારા નહીં. જીવનમાં આવું ઘુંટાઈ જવું જોઈએ કે પરના કાર્યો તો મારા નથી પણ વિભાવના કાર્યો પણ મારા નથી, જડ અને વિભાવ એ પર છે એ મારા નથી કે હું એ નથી. કેમ કે નવ તત્ત્વમાં અજીવ છે એ તો પર છે અને પુણ્ય-પાપ છે એ પણ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. તેથી પુણ્ય-પાપનું કાર્ય એ જ્ઞાયકનું નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ વિભાવ છે, એ મારા સ્વભાવનું પરિણમન નથી માટે એ કાર્ય મારું નથી. ચૈતન્યને અનુસરીને પરિણમન થાય એ મારું કાર્ય છે.

—o—

## .... ....તો કાર્ય થાય જ

રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત–અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ. ૩૦૬.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જેમ વસ્ત્રમાં તાણાવાણા વણાઈ જાય છે તેમ પૂર્ણાનંદના નાથની રુચિનું પોષણ અને જ્ઞાયક વસ્તુનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. જેમ લીંડી પીપરને ઘૂંટતાં ઘૂંટતા ૬૪ પહોરી તીખાશ બહાર આવે છે, તેમ જ્ઞાયકનું ઘૂંટણ કરતાં કરતાં, તેની રુચિનું પોષણ કરતાં કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન થાય જ.

અનાદિના અજ્ઞાનથી તને વિભાવનો જે પ્રેમ લાગ્યો છે તેને છોડ. જેને ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં પોષાય છે તેને બીજું કાંઈ પોષાતું નથી. રાગ આવે પણ ઠીક લાગતું નથી. જેને જ્ઞાન ને આનંદસ્વરૂપ પ્રભુ રુચિમાં રુચિ છે તેને બીજી કોઈ રુચિ રુચતી નથી. જેને આત્મા પોષાય છે તેનાથી આત્મા ગુપ્ત રહેતો નથી. પૂરણ સ્વરૂપ ભગવાન આત્મા જેને રુચિમાં પોષાય છે ને બીજું પોષાતું નથી તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી.

શુભરાગ પણ જેને પોષાતો નથી ને આત્મા પોષાય છે તેને આત્મા પ્રગટ થયા વિના રહેતો નથી. અંદર ચૈતન્યપ્રકાશની મૂર્તિ, ચૈતન્ય જાગતી જ્યોતિ, જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જ્ઞાયક ચૈતન્યબિંબ પ્રભુ જાગતી ચીજ છે, એ જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? રાગમાં જાય? શરીરમાં જાય? એક સમયની પર્યાયમાં જાય? —એ તો ધ્રુવ છે.

પ્રભુ! જે આત્મા છે એ જાગતો જીવ અંદર ઊભો છે કે જે પર્યાયથી જુદો ધ્રુવ છે. તું એક સમયની પર્યાયથી અંદર જો કે જાગતો જીવ છે. જાગતો એટલે કે એ

કદી ઊંચતો નથી. તેના સ્વભાવમાં કદી અશુદ્ધતા, અપૂર્ણતા કે ઊણપ નથી. શરીર-માટીથી તો ભગવાન જુદો છે પણ કર્મના રજકણોથી પણ આત્મા જુદો છે ને પુણ્ય-પાપના ભાવથી પણ ભગવાન જુદો છે તથા વર્તમાન જાણવાની એક સમયની પ્રગટ પર્યાય છે તેમાં આખું દ્રવ્ય આવી જતું નથી. દ્રવ્ય છે એ તો જાગતી જ્યોતિ ત્રિકાળી છે.

જાગતી જ્યોત ઊભી છે એટલે ?—કે એ અવિનાશી છે તે પલટતી પણ નથી. જ્ઞાન સ્વભાવનો પિંડ પ્રભુ ધ્રુવ ઊભો છે તેની નજર કરે તો તેને એ હાથ આવશે ને ત્યારે તને સમ્યગ્દર્શન થશે. જાગતો જીવ, જ્ઞાયક જીવ, દૃષ્ટા જીવ ધ્રુવ છે, એ ક્યાં જાય? એ પર્યાયના પલટવામાં આવે? શરીરમાં આવે?—એ ત્રિકાળી ઊભો છે; ત્યાં નજર કર તો જરૂર પ્રાપ્ત થાય જ.

ધ્રુવ છે ત્યાં નજર કર, જરૂર તને ધ્રુવની પ્રાપ્તિ થશે. સમ્યગ્દર્શનમાં ધ્રુવની નજર કરે ત્યારે સમ્યગ્દર્શન થાય. જેમ ધ્રુવ તારાના લક્ષે વહાણ ચાલે તેમ આ ધ્રુવના લક્ષે સમ્યગ્દર્શન થાય. સમ્યગ્દર્શન કેમ પમાય?—તેની રીત ને વિધિ શું છે? તેની આ વાત છે. ચૈતન્યની જાગૃત જ્યોતવાળો ધ્રુવ છે ત્યાં જા તો એ જરૂર પ્રાપ્ત થશે. જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે પણ તે એકલા પરને પ્રકાશી રહ્યો છે તેથી એ જ્ઞાનની પર્યાય મિથ્યા થઈ. એ જ્ઞાનની પર્યાય જેની છે—ધ્રુવની છે—તેને પ્રકાશે ત્યારે એ સમ્યક્ કહેવાય.

અવિનાશી ધ્રુવ અખંડ એકરૂપ સામાન્ય વસ્તુ છે, જ્ઞાનના સ્વભાવથી ભરેલો દરિયો છે, તેની સન્મુખ વર્તમાન જ્ઞાનની પર્યાય કર તો એ જરૂર પ્રાપ્ત થશે. વર્તમાન જ્ઞાનની પર્યાય જો ધ્રુવ ઉપર નજર કરે તો જેટલું ધ્રુવનું સામર્થ્ય છે એટલું પર્યાયમાં પ્રતીતિમાં જરૂર આવી જાય. ધ્રુવ છે તે નિત્ય છે તે ક્યાં જાય? જ્ઞાનના જાગૃત સ્વરૂપનું ચૈતન્યબિંબ પ્રભુ છે. છે એને દૃષ્ટિમાં લેતાં જરૂર પ્રાપ્ત થાય જ.

—o—

પુસ્તક–પ્રકાશન:—

* શ્રી જિનેન્દ્ર પૂજા સંગ્રહ—કિંમત રૂા. ૧૧/–(પડતર કિંમત રૂા. ૧૬)

[ નોંધ:–પુસ્તકની કિંમત ઘટાડવા માટે દાન આપવા ઈચ્છતા દાતાઓએ તેમ જ મોટી સંખ્યામાં ઓર્ડર નોંધાવા ઈચ્છતા મંડળોએ 'શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ, ૧૭૩/૧૭૫ મુમ્બાદેવી રોડ, મુંબઈ–૨'—સાથે પત્ર-વ્યવહાર કરવો. ]

* વસ્તુ–વિજ્ઞાનસાર (પાકું પૂઠું) રૂા. ૫/–

દશલક્ષણધર્મ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો રૂા. ૩/–

સર્વસામાન્ય પ્રતિક્રમણ—રૂા. ૩/–

જે કોઈ મુમુક્ષુઓને તેમ જ મુમુક્ષુમંડળોને ઉપરોક્ત પુસ્તકોની જરૂર હોય તેમણે 'શ્રી દિ. જૈન સંઘ, ૫, પંચનાથ પ્લોટ, રાજકોટ'નો સંપર્ક સાધવો.

# * જીવનમાં ઘુંટાઈ જવું જોઈએ કે.... *

તારું કાર્ય તો તત્ત્વાનુસારી પરિણમન કરવું તે છે. જડના કાર્યો તારાં નથી. ચેતનનાં કાર્યો ચેતન હોય. વૈભાવિક કાર્યો પણ પરમાર્થે તારાં નથી. જીવનમાં એવું જ ઘુંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે, તે હું નથી. ૨૯૭.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

પુણ્ય-પાપના ભાવ તો અનાદિના થયા છે ને તેનાથી સંસારનું ભ્રમણ પણ થયું છે. હવે જો તારે ભ્રમણ મટાડવું હોય તો તત્ત્વને અનુસરીને પરિણામ કરવાં. એ કાર્ય તારું છે. ધંધા આદિનું વાણીનું કાર્ય એ કાંઈ તારું કાર્ય નથી. એ તો પરદ્રવ્યનું કાર્ય છે. જડના એટલે કે પરદ્રવ્યોનાં કાર્ય તારા નથી. જો તારે હિતનું કાર્ય કરવું હોય, પરમ પદાર્થ પરમાત્મપ્રભુ પ્રાપ્ત કરવો હોય તો જ્ઞાનસ્વરૂપે ભરેલો, અકષાયસ્વરૂપે ભરેલો ભગવાન છે તેને અનુસરીને પરિણમવું એ તારું કાર્ય છે.

ભગવાન પરમાનંદસ્વરૂપ છે, એને અનુસરીને થાય એ તારું કાર્ય છે. હોઠ હલે, હાથ હલે એ બધા જડનાં કાર્ય છે. તારા અસ્તિત્વના લઈને એ કાર્ય થયા નથી. શરીર-વાણીનું કાર્ય એ તો તારું કાર્ય છે જ નહીં પણ અંદર જે મહાવ્રતાદિના ભાવ થાય એ પણ તારું કાર્ય નહીં.

ચૈતન્યને અનુસરીને શુદ્ધ પરિણમન થવું એ તારું કાર્ય છે. જ્ઞાતા-દ્રષ્ટા ભગવાનમાં પ્રતિકૂળ-વિભાવભાવ થાય એ તારું કાર્ય નહીં. ચેતનનું કાર્ય તો ચેતન હોય, ચેતનની જાતના કાર્યો હોય. દયા-દાન ને વ્રત-ભક્તિ આદિ પણ ચેતનના કાર્યો નહીં. વિકૃતભાવ એ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવનું કાર્ય કેમ હો?—ન હોય.

વિભાવના કાર્યો પણ પરમાર્થે તારું કાર્ય નથી. પરિણમનમાં છે એટલે તારું કાર્ય છે પણ વસ્તુ તરીકે જોતાં એ સ્વભાવનું પરિણમન ન હોવાથી એ તારું કાર્ય નથી. વ્યવહારે પર્યાયમાં પરિણમન છે પણ પરમાર્થે એ તારું કાર્ય નથી. વ્યવહારે પર્યાયમાં પરિણમન છે પણ પરમાર્થે એ સ્વભાવમાં નહીં હોવાથી એ તારું કાર્ય નથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર બિરાજે છે તેને અનુસરીને પરિણમન કર એ

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૫ ]

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના વિવિધ દાનખાતાઓ માટે

## દાતાર તરફથી જાહેર થયેલી દાનરાશિ :-

[પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સદ્ઉપદેશના પ્રભાવથી લોભ-કષાય ઘટાડીને ધર્મ-પ્રભાવના માટે દાન આપતાં દાતાઓને પ્રોત્સાહિત કરવા તથા અન્ય સાધર્મીઓને પ્રેરણા હેતુએ પ્રગટ કરવામાં આવતી નામાવલિ :— ]

૧૦૦૩-૦૦ ડૉ. રમેશભાઈ એમ. શાહ ન્યૂયોર્ક
૫૦૨-૦૦ શ્રી કપુરચંદભાઈ ત્રિ. વોરા કલકત્તા
૬૦૩-૦૦ શ્રી ડૉ. પ્રેમચંદભાઈ શાહ હ. લીલાવંતીબેન સુરત
૨૧૦૫-૦૦ સ્વ. શ્રી શાંતીલાલ લલુભાઈ અજમેરા જલગાંવ
૧૦૦૨-૦૦ શ્રી જયાબેન મણીલાલ શાહ દાદર
૧૫૦૪-૦૦ શ્રી ઝવેરચંદભાઈ શામજી શાહ મોશી
[illegible]-૦૦ સ્વ. શ્રી નેમચંદભાઈ જે. શાહ હ. મુક્તાબેન સોનગઢ
૫૫૨-૦૦ શ્રી બળવંતરાય વાલજી મહેતા ગૌહટી
૧૧૦૪-૦૦ સ્વ. શ્રી ચીમનલાલ ફુલચંદ શાહ સુરેન્દ્રનગર
૭૦૩-૦૦ સ્વ. શ્રી ભૂરાલાલ ગોપાળજી કામદાર હ. રસીકભાઈ સુરત
૧૧૦૪-૦૦ પ્રેમીલાબેન મધુકરભાઈ શાહ હોંગકોંગ
૨૦૧-૦૦ શ્રી હીંમતલાલ છોટાલાલ ઝોબાલીયા સોનગઢ
૧૧૧૧-૦૦ મરઘાબેન મગનલાલ પારેખ સોનગઢ
૩૦૦૨-૦૦ શ્રી ચંદુલાલ ઝવેરચંદ દોશી રાજકોટ
૮૫૪-૦૦ અનંતરાય શીવલાલ ગાંધી મલાડ
૨૪૦૭-૦૦ સુલોચનાબેન ગેંદાલાલ કોઠારી દાહોદ
૫૭૦-૦૦ ફુલચંદ હંસરાજ દોશી મોરબી
૫૭૦-૦૦ શ્રી જમશેદપુર દિ. મુ. મંડળ જમશેદપુર
૭૦૨-૦૦ સ્વ. શ્રી અમૃતલાલ પદમશી શાહ વાંકાનેર
૬૫૦૧-૦૦ ચંપાબેન પોપટલાલ ગોસલીયા ચુડાવાળા
૫૦૧-૦૦ સવિતાબેન શાહ મીઠાપુર
૫૦૧-૦૦ મહાસુખભાઈ અજમેરા નાગપુર
૧૦૦૧-૦૦ શ્રી જયાબેન વારીયા મહુવા
૬૫૦-૦૦ શ્રી ગંગાબેન કેશવજી ભાયાણી નાયરોબી
૬૭૬-૦૦ શ્રી પન્નાદેવી માંગીલાલજી જૈન આગ્રા
૫૦૧-૦૦ શ્રી ગોંડલ દિ. જિનમંદિર ગોંડલ
૨૫૦૧-૦૦ શ્રી નગીનદાસ પ્રેમચંદ ભાયાણી મુંબઈ
૪૬૪૮-૦૦ ગૌહટી દિ. જૈન મુમુક્ષુ મંડળ ગૌહટી
૬૦૫-૦૦ શ્રી લીલાવતીબેન શાંતીલાલ વાઘર જામનગર
૧૬૫૧-૦૦ શ્રી કસુંબાબેન મૂળજીભાઈ લાખાણી રાજકોટ
૧૦૦૧-૦૦ શ્રી સુરેશભાઈ લક્ષ્મીચંદ શાહ લીંબડી
૪૫૮૯-૦૦ શ્રી તારાબેન વાલજીભાઈ મહેતા ગૌહટી
૨૧૩૨-૦૦ શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ દિલ્હી
૨૦૦૦-૦૦ મનહરલાલ રેવાશંકર દોશી મોરબી
૨૩૭૫-૦૦ શ્રી ત્રિવેણીબેન નરોતમભાઈ બોટાદ
૩૩૭૬-૦૦ શ્રી જગદીશચંદ્ર ચીમનલાલ મોદી મુંબઈ
૧૪૨૫-૦૦ પોપટલાલ મોહનલાલ વોરા મુંબઈ
૧૪૨૫-૦૦ જડાવબેન નાનાલાલ જસાણી મુંબઈ
૧૦૪૫-૦૦ શ્રી વ્રજલાલ મગનલાલ શાહ જલગાંવ
૧૦૪૫-૦૦ શ્રી મગનલાલ જીવણલાલ ન્યુયોર્ક
૧૦૪૫-૦૦ શ્રી હીંમતલાલ છોટાલાલ ઝોબાલીયા સોનગઢ

૯૫૦–૦૦ પુષ્પાબેન દોશી મુંબઈ
૫૦૦૧–૦૦ સ્વ. શ્રી નવલચંદ જે. શાહ સોનગઢ
૪૦૦૨–૦૦ સ્વ. શ્રી મગનલાલ જીવણલાલ ન્યુયોર્ક
૨૦૦૧–૦૦ ભોગીલાલ ચત્રભૂજ દોશી ઘાટકોપર
૯૫૯૫–૦૦ શ્રી ૯૫ મી જન્મજયંતી મહોત્સવ સમિતિ દાદર
૩૦૪૦–૦૦ શ્રી દિલ્હી મુમુક્ષુ મંડળ દિલ્હી
૨૯૪૫–૦૦ શ્રી દાદર મુમુક્ષુ મંડળ દાદર
૧૦૦૧–૦૦ સ્વ. ચેતનકુમાર નાનાલાલ ટોળીયા જલગાંવ
૫૦૦૧–૦૦ રજનીકાંત મગનલાલ મહેતા ઘાટકોપર
૧૧૦૦૧–૦૦ સ્વ. મગનલાલ સુંદરજી મહેતા સોનગઢ
૧૦૦૨–૦૦ શ્રી અમૃતલાલ પાનાચંદ શાહ રાજકોટ

૨૦૦૦–૦૦ લીલાવંતીબેન હરીભાઇ દોશી પોરબંદરવાળા તરફથી શ્રી કહાન દિ. જૈન ભોજનાલય ખાતે.

[ નોંધ :—સ્થળ સંકોચના કારણે રૂ. ૫૦૦ થી નીચેની રકમ અત્રે છાપી શકાઈ નથી. ]

## દક્ષિણ ભારતના મુમુક્ષુઓ સુવર્ણપુરીમાં ઊજવશે
# 卐 પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૬મી જન્મજયંતી 卐

શ્રી મદ્રાસના દિગંબર જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ તથા ટ્રસ્ટી વગેરે તેમના પત્રમાં હર્ષોલ્લાસ સહ જણાવે છે કે—અમો દક્ષિણ ભારતના મુમુક્ષુમંડળોએ, આપણા મહાન ઉપકારી, પરમ તારણહાર પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી-**સ્વામીની આગામી ૯૬મી મંગલમય જન્મજયંતી** સુવર્ણપુરીમાં આનંદોલ્લાસ-પૂર્વક ઊજવવાનો નિર્ણય કર્યો છે. આ અમૂલ્ય લાભ આપવા માટે અમે સૌ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢને વિનંતી કરીએ છીએ. અમારી નમ્ર વિનંતીને ધ્યાનમાં લઈ, સ્વીકૃતિ આપી અમારા ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરશોજી.

ઉપરોક્ત વિનંતીની સ્વીકૃતિ તેમ જ સહર્ષ સંમતિ દર્શાવતો પ્રત્યુત્તર શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ વતી કાર્યવાહક કમિટિએ આપી દીધો છે.

## સુવર્ણપુરી સમાચાર—

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૧ મો જન્મજયંતી મહોત્સવ તેમ જ શિક્ષણ-શિબિરનો લાભ લેવા દેશભરમાંથી મુમુક્ષુઓ દિન-પ્રતિ-દિન આવી રહ્યા છે. જન્મજયંતી ઉજવવા માટે મુમુક્ષુઓના હૃદયમાં અનેરો ઉત્સાહ વર્તી રહ્યો છે. આજ રોજ (તા. ૧–૮–૮૪) પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૧ મી જન્મજયંતીની નિમંત્રણ–પત્રિકાની મંગલ લેખન–વિધિ આનંદોલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. તા. ૨૨–૭–૮૪ ના રોજ દાદરમાં પણ આ નિમંત્રણ–પત્રિકાની મંગલ લેખન–વિધિ અત્યંત આનંદોલ્લાસપૂર્વક કરવામાં આવી હતી.

* સ્વ. મગનલાલ સુંદરજી મહેતા (સોનગઢ)ના સ્મરણાર્થે તેઓના પરિવાર તરફથી અષાઢ માસની અષ્ટાહ્નિકા પૂજા રાખવામાં આવી હતી અને સાનંદ સમાપન નિમિત્તે સમસ્ત મંડળનું સ્વામીવાત્સલ્યભોજન રાખવામાં આવ્યુ હતું. —*—



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* પંચ મહાવ્રતનું પાલન કરવું, ગુપ્તિ સમિતિઓનું પાલન કરવું, બ્રહ્મચર્ય પાળવું, પરીષહો જીતવા, ચારિત્રનું પાલન કરવું, તપશ્ચરણ કરવું, છ આવશ્યકોનું પાલન કરવું, ધ્યાન કરવું, શાસ્ત્રનો અભ્યાસ કરવો—આદિ બધું સમ્યગ્દર્શન વિના ભવનું બીજ સમજો.

( શ્રી કુંદકુંદ આચાર્ય, રયણસાર, ગાથા-૧૨૭ )

* ખેડૂતે એક વર્ષ સુધી કેટલા-કેટલા કષ્ટો વેઠીને પ્રાપ્ત કરેલા અનાજને, ખળામાં અગ્નિનો એક તણખો આવી પડતાં તે બાળી નાખે છે તેમ ક્રોધરૂપી અગ્નિ, ઘણા લાંબા સમયના સાધુપણારૂપ સારભૂત વસ્તુને ક્ષણ માત્રમાં બાળી નાખે છે-નષ્ટ કરે છે.

( શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા-૧૩૬૮ )

* કુતર્ક જ્ઞાનને રોકનાર, શાંતિનો નાશક, શ્રદ્ધાનો ભંગ કરનાર અને અભિમાન વધારનાર માનસિક રોગ છે કે જે અનેક પ્રકારે ધ્યાનનો શત્રુ છે. તેથી મોક્ષાભિલાષીઓએ કુતર્કમાં પોતાના મનને લગાવવું યોગ્ય નથી, પરંતુ તેને આત્મતત્ત્વમાં લગાવવું યોગ્ય છે કે જે સ્વાત્મોપલબ્ધિરૂપ સિદ્ધિ-સદનમાં પ્રવેશ કરાવનાર છે.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા-૫૩ )

* જેવી રીતે પ્રજ્વલિત દીપક પોતાના હાથમાં રાખીને પણ કુવામાં પડી જાય તો તેને દીપકનું લેવું વ્યર્થ છે. તેમ તત્ત્વજ્ઞાન પામીને પણ હેય-ઉપાદેયના વિવેક રહિત ગમે તેમ પ્રવર્તવાથી તત્ત્વજ્ઞાનનું પામવું વ્યર્થ જાય છે.

( શ્રી વાદિભસિંહ સૂરિ, જીવંધર ચરિત્ર, સર્ગ-૨, ગાથા-૪૫ )

* આ મનુષ્ય-શરીર એવું સાર વગરનું છે કે જો તેને દાટવામાં આવે તો ગંધાઈ જાય છે અને બાળવામાં આવે તો રાખ થઈ જાય છે. માટે આ મનુષ્યજન્મ તો સારભૂત એવા પરમતત્ત્વને દેખવા માટે જ અર્પણ કરી દેવા જેવો છે. —o—

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મ-પ્રકાશ )

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

❋ જે રીતે પર્યાય દ્રવ્ય તરફ ઢળે એ રીતે વાંચન, વિચાર, મનન, શ્રવણ બધું કરવું જોઈએ. મૂળ પ્રયોજન તો દ્રવ્ય તરફ ઢળવું એ જ છે.

❋ અહા ! ચૈતન્યનો તો અંતરમાં અલૌકિક અવલોકન કરવાનો સ્વભાવ છે. કોની સાથે વાદ કરવો ને કોની સાથે વિવાદ કરવો ?

❋ આ વસ્તુ સમજીને સમાઈ જા.

'નિધિ પામીને જન કોઈ, નિજ વતને રહી ફળ ભોગવે.'

તેમ ચૈતન્યવસ્તુ સમજીને અંદર સમાઈ જજે. કોઈની સાથે વાદવિવાદ કરીશ નહિ.

❋ અહો ! શુભ-ઉપયોગ પણ શરણરૂપ નથી. સહજ ચિત્શક્તિથી ભરેલો જીવ જ શરણરૂપ છે. ત્યાં જ નજર નાખી ટકી શકે એમ છે, બીજે કયાંય નજર ટકી શકે તેમ નથી.

❋ અહો ! ફેરવવું છે શું ? શું ફેરવવું છે ?! ફક્ત નિમિત્ત અને રાગ ઉપરનું લક્ષ છે એ ફેરવી નાખ.

❋ શરીરમાં રહ્યાં, શરીર રહિત અનુભવ કરી લેવો એ જ શાંતિ છે, બીજી કોઈ શાંતિ નથી.

❋ સૂર્યમાં અંધકાર સંભવી શકતો નથી. તેમ ચૈતન્ય નૂરના પૂરથી ભરેલા ભગવાન આત્મામાં રાગરૂપી અજ્ઞાન-અંધકાર સંભવી શકતો નથી.

❋ રાગનું કર્તૃત્વ અને રાગ મારું કાર્ય—એમાં આત્માની શોભા નથી.

❋ બહારના લક્ષે મંથન છે તેને ફેરવીને અંતરના લક્ષે મંથન કરે તો એને અનુભવ ને મોક્ષ થયા વિના રહે જ નહિ.

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012

Licence No. 3
'Licensed to post
without prepayment'

If undelivered please return to :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ ( કાનજીસ્વામીનું ) પીન : ૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ ( કાનજીસ્વામીનું ) PIN : 364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( કાનજીસ્વામીનું ) 364 250